(8) પદ્ધતિથી લિથોટ્રિપ્સી લીધેલ સારવારનું ખર્ચ મજરે મળવા બાબત

ગુજરાત સરકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

ઠરાવ ક્રમાંક : એમ.એજી/1088/2289/અ

સચિવાલય, ગાધીનગર તા. 12-6-91

વંચાણે લીધો :- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : એમએજી/1088/2289/અ તા. 3-5-91

ઠરાવ :- આમુખનાં દર્શાવેલ ઠરાવથી રાજ્યના કર્મચારી/અધીકારીઓને લિથોટ્રિપ્સી પદ્ધતિથી લીધેલ સારવારનું ખર્ચ રિએમ્બર્સ કરવા માટેના હુકમો કરવામાં આવેલ છે. આ હુકમોનો અમલ હુકમો થયા તારીખથી અમલમાં આવે છે. આ હુકમો કરવામાં આવ્યા તે પહેલા જે સરકારી કર્મચારી/અધિકારીઓ આવી સારવાર લઈ ચૂક્યા છે. અને રિએમ્બર્સ માટે રજૂઆત કરેલ છે. તેવા પડતર કેસોને ઉપરોક્ત ઠરાવથી રિએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થતું નથી. આવા કેસોના નિકાલ અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે આ હુકમો થયા અગાઉની પડતર દરખાસ્તોનો નિકાલઈ આમુખમાં દર્શાવેલ ઠરાવની જોગવાઈઓની આધિન કરવાનું આથી સરકારશ્રી ઠરાવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. 17-5-91 ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી (એસ. ડી. દવે)

ઉપસચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

• • • •